# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 24-02-2025 Day : Monday Morning : 6.50 to 6.55 AM**

આકાશવાણી ભુજ સમાચાર **કૃપાલી મહેચ્છા** વાંચે છે.

---

## આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ – પી.એમ

**આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ નિમિત્તે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી નવી પહેલ કરશે. મન કી બાત કાર્યક્રમમાં આ પહેલની જાહેરાત કરતાં શ્રી મોદીએ જણાવ્યું, કે**

**બાઈટ –પી.એમ.**

---

## ગીર એશિયાઈ સિંહ

**પ્રધાનમંત્રીએ જણાવ્યું હતું કે, ગુજરાતમાં લોકોએ ગીરમાં એશિયાઇ સિંહોની સલામતિ અને સંરક્ષણમાં મહત્વનું યોગદાન આપ્યું છે. તેમણે દુનિયાને બતાવ્યું છે કે, પ્રકૃતિની સાથે સહઅસ્તિત્વ આખરે શું હોય છે. આ પ્રયાસોના કારણે વિતેલા કેટલાક વર્ષોમાં વાઘ, દિપડા, એશિયાઇ સિંહ, ગેંડા અને બારહસિંગાની વસતિ ઝડપથી વધી છે. ભારતનો દરેક વિસ્તાર પ્રકૃતિ માટે માત્ર સંવેદનશીલ નહીં વન્યજીવ સંરક્ષણ માટે પ્રતિબદ્ધ પણ છે.**

---

## એ.આઈ. નવી ટેકનોલોજી

**પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું, કૃત્રિમ બુદ્ધિમત્તા- A.I. ક્ષેત્રમાં ભારત ઝડપથી પોતાની મજબૂત ઓળખ બનાવી રહ્યું છે. દેશવાસીઓ નવી ટેક્નોલૉજી અપનાવવામાં કોઈનાથી પાછળ નથી. આ પ્રસંગે તેમણે નાગરિકોના આરોગ્યની ચિંતા કરીને ખાદ્યતેલના વધુ પડતાં ઉપયોગમાં 10 ટકાનો કાપ મૂકવા પણ લોકોને અપીલ કરી છે.**

---

## પરીક્ષા શુભેચ્છા

**દેશભરમાં પરીક્ષાનું આયોજન થઇ રહ્યું છે. ત્યારે વિદ્યાર્થીઓને આત્મવિશ્વાસ સાથે પ્રશ્નપત્રોના જવાબ લખવા સલાહ આપીને તેમને શુભેચ્છાઓ પાઠવી હતી.**

**પ્રધાનમંત્રીએ તેમના સંબોધનમાં ગયા મહિને ઇસરોએ પોતાનું 100મું રૉકેટ લૉન્ચ કર્યું તે અંગે ગૌરવ વ્યક્ત કર્યું હતું. તેમજ આગામી 28મી ફેબ્રુઆરીના રોજ રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસની ઉજવણીના ભાગરૂપે શ્રોતાઓને સૂચન કર્યું હતું.**

---

## કિસાન સન્માન નિધિ

**કિસાન સન્માન નિધિનો ૧૯મો હપ્તો આજે સીધો ખેડૂતોના બેંક ખાતામાં નાખવામાં આવશે. આ માટે કિસાન સન્માન સમારોહ કાર્યક્રમનું આયોજન બપોરે ૧થી સાડા ત્રણ દરમિયાન કરવામાં આવ્યુ છે. જેનો રાષ્ટ્રીય કક્ષાનો કાર્યક્રમ ભાગલપુર,બિહાર ખાતે આયોજન કરવામાં આવ્યો છે. તેમજ રાજ્ય કક્ષાનો કાર્યક્રમ મુખ્યમંત્રીના અધ્યક્ષસ્થાને ગાંધીનગર ખાતે રાખવામા આવ્યો છે. જેનું જીવંત પ્રસારણ કરવામાં આવશે.**

---

## ક્રિકેટ

**ભારતે તેના પરંપરાગત હરીફ પાકિસ્તાનને ચેમ્પિયન્સ ટ્રોફીની મેચમાં 6 વિકેટે હરાવી મહત્વની સફળતા મેળવી છે. દુબઈ ખાતેની મેચમાં પાકિસ્તાનના 241 રનના જવાબમાં ભારતે 4 વિકેટ ગુમાવી 244 રન કરી વિજયી લક્ષ્યાંક પાર કર્યું હતું. ભારતીય ટીમના વિરાટ કોહલી સદી નોંધાવી અણનમ રહ્યા હતા. શુભમન ગિલે ૪૬ જ્યારે શ્રેયસ ઐયરે 56 રન બનાવ્યા હતા.**

**વિરાટ કોહલીએ એક દિવસીય આંતરરાષ્ટ્રીયમાં ૫૧મી સદી કરી છે. જ્યારે એશિયાકપ, વિશ્વકપ અને ચેમ્પિયન્સ ટ્રોફી ત્રણેમાં પાકિસ્તાન સામે સદી નોંધાવનાર વિરાટ કોહલી પ્રથમ ભારતીય ખેલાડી બન્યા છે.**

---------------------------------------------------------------------------------

## માંડવી સ્થાપના દિવસ

**આજે બંદરીય શહેર માંડવીના 445માં સ્થાપના દિવસ અંતર્ગત વિવિધ કાર્યક્રમોનું આયોજન કરાયું છે. સવારે 9 વાગ્યે કાંઠાવાળા નાકા પાસે ખીલીપૂજન, ૧૦ વાગ્યે દરિયાલાલ દ્વાર પાસે તોરણવિધિ તેમજ વીઆરટીઆઇ માંડવીના સહયોગથી વાંચનાલય, પુસ્તકાલયમાં માંડવી નગર સેવા સદન કચેરી પાસે પુસ્તક મેળા સહિતના કાર્યક્રમો યોજાશે.**

---------------------------------------------------------------------------------

ગ્લોબલ કચ્છ

અબડાસા તાલુકાના ભારાપર ગામે કેન્દ્રીય જળશક્તિ મંત્રી સી.આર. પાટીલની વિશેષ ઉપસ્થિતિમાં ગ્લોબલ કચ્છ પ્રેરિત શ્રી ભારાપર ભાનુશાલી મહાજન અને શ્રી ભારાપર પ્રગતિ મંડળ દ્વારા ત્રિવેણી ઉત્સવ યોજાયો હતો.

શ્રી પાટિલે કહ્યું કે, કચ્છએ જળ સંચયના અભિયાનને જન આંદોલનમાં પરિવર્તિત કરવા માટે દેશને રાહ ચીંધવા સક્ષમ છે. દેશમાં વ્યાપક પ્રમાણમાં વરસાદ વરસે છે, પણ ક્યાંકને ક્યાંક આ વરસાદી પાણીનો સંગ્રહ કરવા માટે પૂરતા પ્રમાણમાં સંસાધનો ન હોતાં પાણી દરિયામાં વહી જાય છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ વરસાદી પાણીનો સંગ્રહ કરવા માટે અભિયાન છેડવા દેશવાસીઓને આહ્વાન કર્યું છે. ત્યારે આગામી સમયમાં આપણે સમયસર જાગૃત નહીં થઈએ તો પાણીને લઈ વિકટ સ્થિતિ સર્જાઈ શકે છે.

રાજ્યના શિક્ષણમંત્રી અને કચ્છના પ્રભારી પ્રફુલ્લ પાનસેરિયાએ જળ સંગ્રહનો યજ્ઞ કેન્દ્રીય મંત્રી સી.આર. પાટિલની આગેવાનીમાં આરંભાયો છે, તેમાં દરેક કચ્છી એક યોદ્ધા બની પોતાની આહુતિ આપે તેવી અપીલ કરવા સાથે આયોજક સંસ્થાને અભિનંદન પાઠવ્યા હતા.

---